દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૬

અમેરિકાના ફ્રીડમ હાઉસે ભારતની લોકશાહીને ચૂંટાયેલી તાનાશાહી ગણાવી

ગયા મહિનાની શરુઆતમાં અમેરિકા સ્થિત બિન-સરકારી સંગઠન 'ફ્રીડમ હાઉસે' વૈશ્વિક રાજકીય અધિકારો અને સ્વતંત્રતા અંગે એક વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો હતો. તેમાં તેણે ભારતને 'મુક્ત લોકશાહી'થી ડાઉનગ્રેડ કરીને 'આંશિક મુક્ત લોકશાહી'નો દરજ્જો આપ્યો હતો. ગયા સપ્તાહમાં સ્વિડન સ્થિત વી-ડેમ ઇન્સ્ટિટ્યૂટે પણ લોકશાહી અંગે તાજો અહેવાલ પ્રકાશિત કર્યો હતો જે વધારે આકરો હતો. તેમાં જણાવાયું હતું કે, ભારત 'ઇલેક્ટોરલ ઓટોક્રેસી' એટલે કે 'ચૂંટણીલક્ષી આપખુદશાહી' બની ગયું છે. ગયા મહિને ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા પ્રકાશિત લેટેસ્ટ ડેમોક્રેસી ઇન્ડેક્સમાં ભારતને 'દોષપૂર્ણ લોકશાહી' તરીકે ઓળખાવાયું હતું અને તે બે સ્થાન નીચે ઉતરીને 53મા સ્થાને પહોંચી ગયું હતું. આ રેન્કિંગમાં લોકશાહીને નબળી પાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની હિંદુ રાષ્ટ્રવાદી ભાજપ સરકારને જવાબદાર ગણાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે, મોદીની દેખરેખ હેઠળ માનવ અધિકાર જૂથો પર દબાણ વધ્યું છે, પત્રકારો અને ચળવળકર્તાઓને ડરાવવામાં આવે છે અને હુમલાઓનું પ્રમાણ વધ્યું છે, ખાસ કરીને મુસ્લિમો પર હુમલા વધ્યાં છે. તેમણે કહ્યું કે આના કારણે દેશમાં રાજકીય અને નાગરિક સ્વતંત્રતાની સ્થિતિ કથળી છે. ફ્રીડમ હાઉસે જણાવ્યું કે 2014માં મોદી સત્તા પર આવ્યા ત્યારથી ભારતમાં નાગરિક સ્વતંત્રતા ઘટી રહી છે. મુક્ત રાષ્ટ્રોમાં ભારતનું ઉપલા સ્થાનેથી પતન થાય તેનાથી વિશ્વના લોકશાહી ધોરણો પર વધારે માઠી અસર પડશે. વી-ડેમે જણાવ્યું કે, મોદીના શાસન દરમિયાન વાણી સ્વાતંત્ર્ય, મીડિયા અને સિવિલ સોસાયટીનું ગળું રુંધવાનું કામ બહુ આગળ વધ્યું છે. સેન્સરશિપની વાત આવે ત્યારે ભારતની હાલત પાકિસ્તાન જેટલી જ ખરાબ છે. ભારતની તુલનામાં બાંગ્લાદેશ અને નેપાળની સ્થિતિ પણ સારી છે. ડેમોક્રેટિક ઇન્ડેક્સમાં જણાવાયું હતું કે સરકાર દ્વારા લોકશાહીને કરાયેલું નુકસાન તથા નાગરિક સ્વતંત્રતા પર તરાપના કારણે ભારતનું રેન્કિંગ કથળ્યું છે. તેમાં જણાવાયું હતું કે મોદીની નીતિઓથી મુસ્લિમ વિરોધી લાગણી તથા ધાર્મિક ઉશ્કેરાટ ફેલાવાયો છે તથા દેશના રાજકીય માળખાને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. હવે ભારત જેવા સ્વચ્છ દેશની લોકશાહી પર આટલા ગંભીર આરોપી વૈશ્વિક કક્ષાએ લાગી રહ્યાં છે તેના અનેક કારણો છે. જેમાં તાજેતરના જ એક કારણની વાત કરીએ તો રાઘવ ચઢ્ઢાએ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો ખુલાસો કરતાં પક્ષ સાથેના તમામ સંબંધો તોડવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે કહ્યું કે, 'આમ આદમી પાર્ટીને મેં મારા લોહી-પરસેવાથી સીંચી છે અને મારા જીવનના મહત્ત્વના 15 વર્ષ આપ્યા છે, તે પાર્ટી હવે તેના સિદ્ધાંતો, મૂલ્યો અને નૈતિકતાથી ભટકી ગઈ છે. હવે આ પાર્ટી દેશના હિતમાં નહીં, પણ પોતાના અંગત સ્વાર્થ માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મને સતત એવું લાગી રહ્યું હતું કે હું એક ખોટી પાર્ટીમાં ફસાઈ ગયેલો સાચો માણસ છું. એટલા માટે જ આજે હું મારી જાતને 'આપ'થી અલગ કરી રહ્યો છું અને હવે જનતાની સેવામાં જોડાઈ રહ્યો છું, તેમજ મારી સાથે આમ આદમી પાર્ટીના બે તૃતિયાંશ (2/3) સાંસદો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે.' આમ આદમી પાર્ટીને સીધી રીતે હરાવી નહીં શકનાર સત્તા પક્ષે આખે આખી આપ ખતમ કરવાની કોશિશ કરી છે. આ પહેલા મહારાષ્ટ્રમાં જે થયું તે પણ સૌ લોકો સારી રીતે જાણે જ છે. તો ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે રીતે બેઠકો બિનહરીફ કરવામાં આવી તે પરંપરાને લોકશાહીમાં કોઇ જ સ્થાન નથી. લોકશાહીમાં તો દરેક પક્ષને તેના વિચારો સાથે ચૂંટણી લડવાની તક મળે છે. અને એ વિચારધારા સાથે જે લોકો જોડાયેલા હોય તેઓ તેમને મત આપે છે પરંતુ હવે તો ઉમેદવારોને બિનહરીફ કરીને મતદારોને તેમના મત આપવાના મૂળભૂત અધિકારોથી જ વંચિત કરી દેવામાં આવે છે. તો આ સ્થિતિને લોકશાહી કેવી રીતે ગણી શકાય તે જ સૌથી મોટો પ્રશ્ન છે. આવી સ્થિતિમાં પક્ષ કોઇ પણ મજબૂત થાય પરંતુ દેશ માટે તો આ સ્થિતિ સારી ગણી શકાય તેમ નથી.

નારીદષ્ટિએ આલેખાયેલું થોડું ખાટું, થોડું મીઠું જીવન

દક્ષા સંઘવીનો આ પ્રથમ વાર્તાસંગ્રહ છે. આ વાર્તાઓ ખાસ્સી પાકટ છે. એના વિષયો નારીદષ્ટિએ જોવાયેલું જીવન અને જગત, પરંપરાગત ઘાટી છોડીને નીકળતો આગવો અને વિશિષ્ટ ધ્વનિ આ વાર્તાઓને નોખી બનાવે છે. ઘરમાં સાહિત્યનો વારસો પિતાજી માવજી સાવલા દ્વારા મળ્યો. એ વારસાને પોતાની સંવેદનાઓથી, આગવી કેડીએ ચાલીને નિભાવવાનો આ પ્રયાસ સ્વાભાવિક જ સ્વાગતયોગ્ય છે. વાચનબળ તો છે જ પણ એમાં જે અનુભવસમૃદ્ધ જીવન સાંકળી શક્યા છે એ એમની નીજી ઉપલબ્ધિ લેખે લઈ શકીએ. લખે છે- વાર્તાઓએ મારી અંદર છેક ઊંડે પડેલા પ્રશ્નો સુધી પહોંચાડી છે. દુઃખ અને સમસ્યા, એ બંને વચ્ચેની એક ઘટ્ટ રેખા આંકી દીધી છે. વાર્તાલેખન મારી પોતાની ધારણાઓની યથાર્થતા ચકાસવા માટેની પ્રયોગશાળા પણ છે. પોતાના જ અભિપ્રાયો વિશે વધુ સ્પષ્ટ થતાં જવાની દષ્ટિની સાથોસાથ પોતાના દઢ થઈ ગયેલા અભિપ્રાયોના સામા છેડા સુધી જવાની અને તટસ્થપણે મૂલવવાનું ધૈર્ય-સ્થૈર્ય સર્જનની ક્ષણોમાં પામી છું. સર્જનની કોઈ ક્ષણે અનાયાસ ઉદ્ઘાટિત થતા વિસ્મયના આલોકથી રેલાતો આનંદ અવર્ણનીય - અદ્ભુત જ અને કવિતા હોય કે વાર્તા, સર્જનની ક્ષણો મને મારી સાવ નિકટ લઈ જઈને ખુદના લય સાથે એકત્વનો માહોલ રચી આપે છે અને એ ઘટના ધ્યાન માટેની બીજરૂપ ભૂમિકા છે એવું મને લાગ્યા કરે. (આ ક્ષણે)

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

આ સંગ્રહમાં કુલ 16 વાર્તાઓ છે. લેખકના નિવેદન ઉપરાન્ત એની પ્રસ્તાવના શ્રી કિરીટ દૂધાતે લખી છે. ફ્લેપ પર જાણીતા સાહિત્યકાર શ્રી માવજી માહેશ્વરીએ લેખિકાનો પરિચય આપ્યો છે. આ લેખો કે કચ્છનો પરિવેશ ધરાવે છે. પ્રયોગશીલ વાર્તાઓમાં સ્થળ અને સમય મહત્ત્વનો રહેતો નથી. એ અસ્તિત્વના ખાસ કરીને નારી અસ્તિત્વના પ્રશ્નને આગળ કરે છે. બોન્દુનાં સપનાં ધ્યાન ખેંચે જીવનની અંતિમ ઈનિંગમાં પૌત્રને ઉછેરવા મથતી વૃદ્ધાની મનોદશાને કેન્દ્રમાં રાખીને. દીકરો અને વહુ એક બચ્ચાને છોડીને મૃત્યુ પામ્યા પછી એ જવાબદારી અત્યંત વૃદ્ધ થઇ ગયેલી વૃદ્ધા પર આવી પડી છે. સાદડી વણવાની મથામણ કર્યા કરે છે. સમાન્તરે આવી પડેલી આ કારમી અવસ્થાને કારણે ચીડિયણ થઈ જવાથી અવસ્થા, સતત ગાળો બોલવી, ઉશ્કેરાયેલાં રહેવું, આડોશ-પાડોશ તો ઠીક શેરીના કૂતરા માટેય ભારોભાર તિરસ્કાર જ બચ્યો છે, એમને મદદરૂપ થવાની સમજણ કેળવી બેઠેલો બોન્દુ હજી સાવ નાનો છે, છ-સાત વર્ષનો. ખાસ કંઈ કરી શકે એમ નથી તેમ છતાં એને કંઈક કરવું છે. દાદીમાને રાજી રાખવાં છે. એ મથામણમાંથી એ ઉંમરે શું થઈ શકે એનો રસ્તો આ વાર્તાને વળાંક અને મજબૂતી આપનારો છે. માણસ બધું ગુમાવી દે પણ જો સપનાંઓ જોવાનું છોડી દે તો પૂરું. એ ડોશીને સપનાં જોવા પ્રેરે છે.- આ વાર્તાને ઊંડાણ આપવા સાથે જીવનની ગહન ફિલોસોફી પણ સહજ રીતે વણી લેતી હોવાથી વાર્તા તરત જ ધ્યાન ખેંચે એવી બની છે. બંધની રીતે પણ ચુસ્ત બંધ, યોગ્ય ટાઈમિંગ અને પરિમાણની ઘનતાવાળી બની છે. માવજી માહેશ્વરીએ આવી વાર્તાઓ આપો- એવી માંગણી કરી છે એ અસ્થાને નથી.

દક્ષા સંઘવી ગુજરાતી વાર્તાઓના સેવનથી ઘડાયાં છે એ વાત પ્રસ્તાવનામાં ઉદાહરણો આપીને કિરીટ દૂધાતે કરી હોવાથી એને ફરી ફરીને કહેતો નથી પણ નેરેટરના ચિત્તમાં જ એને લઈને પૂર્વગ્રહ છે. હકીકત એનાથી તદ્દન વિપરીત હોય છે. એંટમાં અડિયલ વૃદ્ધા પોતાની સૌતનના સંતાન માટે જે કરે છે તે અભિધામાં રાચતું આલેખન બની રહ્યું છે. ઢીંગલી અને તીડનું ટોળું- પણ સાપટ પરિમાણ હોવાથી ચિત્તને અંદર સુધી ઝબોળવામાં નિષ્ફળ જાય છે.

આ સંગ્રહની ઉપલબ્ધિ જોઈએ તો સંભાવનાઓઃ એક કેસ ફાઈલની. આ વાર્તામાં વાર્તાકારનો રચનાત્મક અભિગમ મોટું પરિબળ બને. નક્કામો, મંદબુદ્ધિ દિયર આરંભે જેવો ચિતરાયો એ ક્રમશઃ લગ્ન પછી કેવા ઠરેલ રૂપમાં વિસ્તરણ પામે છે એની વાત વાર્તાને અસરકારક બનાવે છે. ત્રેપનમં પત્તં- વાર્તા પણ નિઃસંતાન એવાં



આધેડ વય વટાવી ચૂકેલાં દંપતીને કેન્દ્રમાં રાખીને વિસ્તરણ પામી છે. તાસના પત્તાનો ઉપયોગ પ્રતીકાત્મક કરવાનો પ્રયત્ન કર્યો છે એ પ્રયુક્તિ એટલી સાફસુથરી નથી થઈ શકી પણ વાર્તાનો વિષય ગંભીર હોવાથી અને અંતે જે તરણું પકડે છે- એના કારણે વાર્તા અસર ઊભી કરી શકી છે. સૌથી ધ્યાન ખેંચનારી અને સરસ વિષય, મોટો વ્યાપ અને બે પેઢીનું આવર્તન, વર્ણન અને સહજ આલેખન નારીચિત્તના સંવેદનને, તડપ અને સ્વપ્નોને આલેખતી મજબૂત છાપ જન્માવતી ચુસ્ત વાર્તા બની છે- સ્વપ્નપુરુષ. આ વાર્તાનું સમૂળું નિર્વહન સહજ હોવા સાથે સંકુલ પણ છે. વૃદ્ધાના ચિત્તમાં ચાલતો સમય, ચાલતો સંવેદનપટ, જીવાયેલું જીવન અને નવી પેઢીની પૌત્રીમાં એનું જ જાણે આવર્તન થશે- એ દરિયાને જોવાની અને એ દરિયાને રોકવાની મથામણ ન જાણે માનવોની કેટલી પેઢીએ કરી હશે- આ આત્મસંઘર્ષનો વ્યાપ, એની અસરો અને એનું હોવું આ વાર્તાના અંત પછી એ ચૈતસિક સંઘર્ષમાં લઈ જનારું આલેખન મજાનું છે.

સુખની વારતા, સ્ત્રી-નદી હોવું, ખોવાયેલાં નામ જેવી વાર્તાઓ પ્રમાણમાં પ્રયોગશીલ વલણ દાખવે છે. પણ ચિત્ત ઉપર કોઈ મોટો વિમર્શ છોડતી નથી. હા, લેખકનું નિશાન ઊંચું છે અને એને પાર પાડવાની મથામણ પણ અનુભવાય છે પણ પરિણામ એટલું અસરકારક રહ્યું નથી. દુઃસ્વપ્ન જેવી વાર્તામાં જે કલ્પના છે એ મજાની છે. ઘોંઘાટિયા મહાનગર મુંબઈમાં જે વહેલી સવારથી મોડી રાત સુધીની ધમાલ છે, અવાજો છે, ભાગાદોડી છે એ બધું અકળાવનારું છે- તે જો કોઈ ચમત્કારે એક દિવસ માટેય હટી જાય તો શું થાય...અવાજ માત્ર શાંત થઈ જાય તો શું થાય...એની રજૂઆત આ વાર્તાને નોખી જરૂર બનાવે છે. અનોખી નહીં. એકદમ સ્વસ્થ, નિયમબદ્ધ જીવનારા કુટુંબના વડા નાથુરામમાં આવેલ નાનકડો બદલાવ- ઘરમાં નાના દીકરાની વહુ આવી ને સાથે એની મનગમતી હોબી- સંગીત-નૃત્ય લઈને આવી. જો કે, નાની વહુએ એવું કંઈ જ આ ઘરમાં ચાલુ કર્યું નથી પણ એક શક્યતાની આંગળી પકડીને સસરા નાથુરામ જે રીતે પોતાના ભૂતકાળની આછેરી યાદમાં સરી જાય છે અને મનોસંઘર્ષનો ભોગ બને છે તે આ વાર્તાને સફળ બનાવે છે. જો કે, આ ઘટનામાં રહેલી અનેક શક્યતાઓનો ઉપયોગ કરીને વાર્તા વધારે પરિમાણીય અને બારીક ગૂંથણી પામી શકી હોત એવું લાગ્યા વિના રહેતું નથી. સંગ્રહની છેલ્લી બે વાર્તાઓ એટલે લિ. અને પટારો. એ બંને વાર્તાઓમાં મથામણ સદીઓ જૂની છે, વાર્તાવિષય પણ જૂનો છે. તેમ છતાં એની માવજતના કારણે નોંધપાત્ર છે. લિ.- વાર્તામાં ઘર છોડીને પિયર જતી રહેલી ભણેલી ગણેલી પરણેતરને લખેલ પત્ર છે. પત્રની આ પદ્ધતિએ આ વાર્તાને સરસ રીતે ઉઘાડી આપી છે. સગાઈ વખતથી જ અડિયલ સ્વભાવ, તીખો અને તમતમતો પ્રભાવ વાર્તાનાયક પર જમાવ્યો છે એણે- જન્મ પછી થોડા જ સમયમાં નમાયો થયો અને બાપે અત્યંત કાળજીથી ઉછેર્યો, પરણીને નાયિકાને લઈ તો આવ્યો પણ સાઈકોલોજી ભણેલી એ સ્ત્રીને જે જે પ્રશ્નો અને અંગત અનુભવની સૂગ થઈ હતી એના ખુલાસા આ પત્રમાં કર્યા છે- આખીએ વાર્તા સિંગલ ઈફેક્ટ આપતી હોવા છતાં લેખિકાની કલમે આલેખાયેલ આ નારીની છબી કંઈક જૂદું બોલે છે, એમાં જે વ્યંજના છે એ નારીવાદી વલણથી જૂદી છે અને નોંધપાત્ર પણ છે. તો સંગ્રહની છેલ્લી વાર્તા પટારો- એક નિઃસંતાન એવી સ્ત્રીના મનોભાવોને, મનમાં ચાલતી દલીલો અને જજમેન્ટને, અન્ય સ્ત્રીઓના નિરીક્ષણને, પતિમાં રહેલ ખામીને કેમ ખમી ખાવી-ના તર્કને, પટારામાં સાચવેલાં સ્વપ્નોને અને પરંપરાગત સાસુપણાનો ઉપયોગ કરીને જે નવું પરિમાણ સિદ્ધ કર્યું છે એ આ વાર્તાને મજાની બનાવે છે. આ વાર્તાઓ વાંચવી ગમશે, મમળાવવી ગમશે એ ચોક્કસ.

સર્જનની કોઈ ક્ષણે અનાયાસ ઉદ્ઘાટિત થતા વિસ્મયના આલોકથી રેલાતો આનંદ અવર્ણનીય - અદ્ભુત જ અને કવિતા હોય કે વાર્તા, સર્જનની ક્ષણો મને મારી સાવ નિકટ લઈ જઈને ખુદના લય સાથે એકત્વનો માહોલ રચી આપે છે અને એ ઘટના ધ્યાન માટેની બીજરૂપ ભૂમિકા છે એવું મને લાગ્યા કરે.

વાર્તાઓને સમજવામાં, એનાં સૌંદર્યબિંદુઓ, ખાસ તો એમાં આલેખાયેલ સમસ્યાઓને ઉભારી આપવા સાથે સર્જકની શક્તિનોય પરિચય કરાવે છે. ચારેક ખંડમાં વહેંચીને આ વાર્તાઓને જોવાથી ખ્યાલ આવે કે એમની વચ્ચે કશુંક આંતરિક તત્ત્વ મેળ ખાય છે. એક એવી વાર્તાઓનું જૂથ જયાં બેકગ્રાઉન્ડમાં કચ્છનું લોકાલ છે. બીજી એવી વાર્તાઓ જેમાં નેરેશન અને બીજી રીતે પ્રયોગશીલ એવી વાર્તાઓ છે, ત્રીજી એવી વાર્તાઓ જેમાં મુંબઈ અને મહાનગરનું લોકાલ આલેખાયું છે. એક વાર્તા સૌથી અલગ પડે એવી છે બોન્દુનાં સપનાં- આ વાર્તાએ લેખિકાને યશ અપાવવા સાથે એમની તરફ ધ્યાન ખેંચ્યું. પ્રસ્તાવનાકારે આ વાર્તાની વાત કરતી વખતે પ્રેમચંદની જાણીતી વાર્તા ઈદગાહને સ્વાભાવિક જ યાદ કરી છે. બંગાળી પરિવેશ આ એક જ વાર્તામાં પ્રવેશ પામ્યો છે. બીજી વાર્તાઓ મુંબઈ જેવું મહાનગર એવી પ્રભાવ ઝીલતી લાગે એવી વાર્તાઓના એટલે કે લફંગો, એંટ, ઢીંગલી, તીડનું ટોળું- જેવી વાર્તાઓ વાંચતી વેળાએ જરૂર આનંદ આપે પણ સમાન્તરે ખાસ કશા નાવીન્યનો અનુભવ નથી કરાવતી . કેમકે, એવી વાર્તાઓમાં જે ચોટ આપવાની પ્રયુક્તિ છે એ આપણે ત્યાં અગાઉ વાર્તાકારો આપી ચૂક્યા છે. એ સંવેદન, એ પ્રકારની રીતિ અને વાતાવરણ આલેખતી વાર્તાઓ અગાઉ રચાઈ ચૂકી છે. લફંગોમાં- જેને શંકાથી જોયા કરતા હોય અને બીજી બાજુ ધ્યાન જ ન જાય- છેલ્લે જેના માટે કમઠાણ રચ્યું તે જ ઈચ્છિત રૂપથી વિપરીતરૂપે પ્રગટ થાય ત્યારે જે આંચકો લાગે તે અહીં છે. રીક્ષાવાળો આખીએ વાર્તામાં લફંગો ચિતરાયો- છેલ્લે ખબર પડે કે

(બોન્દુનાં સપનાં (ટૂંકી વાર્તાઓ) દક્ષા સંઘવી, પ્ર.આ.2023, પ્રકા. ડિવાઇન પબ્લિકેશન્સ, 30, બીજો માળ, કૃષ્ણ કૉમ્પ્લેક્સ, જૂનું મૉડેલ સિનેમા ગાંધી રોડ, અમદાવાદ-380 001, કુલ પાનાં- 104, કિં. 200.00, કાચું પૂંઠું, ડેમિ)

ભેદી ભગવાન અને એથીએ ભેદી ભગત...

દિલીપ ઝવેરી આપણા સાવ અનોખા કવિ છે અને એટલે જ જાણીતા કાવ્યમર્મી રાજેશ પંડ્યા એમના વિશે લખે છે કે- ભગવાનની વાતો કરાનારા તો કે બાળક સંત જ્ઞાનીકવિ. આમાંથી લખી જાણે કવિ. ભગવાન બોલે ને કવિ લખે. એ લખે એટલે ભગવાન વાતો કરે કવિતામાં. જેટલી ભગવાનની વાતો એટલી કવિની કવિતા. ઘણી ઘણી ભાષામાં કવિઓએ ભગવાનને બોલતા કર્યા છે આમ. એમાં એક તો દિલીપ ઝવેરી. દિલીપ ઝવેરીએ લખેલી ભગવાનની વાતો નિતનિરાળી ગુજરાતીમાં નખરાળી કવિતા. ગુજરાતી કવિતાના અવનવા પ્રદેશો દેખાડનાર આ કવિને ગુજરાત જેટલું ઓળખે એથી વધુ જગત ઓળખે. એટલે થોડાક રંજ સાથે પણ આ કવિ લખતા રહ્યા છે આજ સુધી. આવતી કાલની ગુજરાતી કવિતા.- બહુ ઓછા શબ્દોમાં રાજેશ પંડ્યાએ આ કવિ અને કવિતાનો અર્થગર્ભ પ્રગટાવી આપ્યો છે. કવિ કવિતામાં સતત પ્રયોગશીલ રહીને નવી નવી દિશાઓ ચીંધવાનું કામ તો કર્યું જ છે સમાન્તરે સમૃદ્ધિ પણ આપી છે. આ ખાલી પ્રયોગ નથી, એમાં જરૂરિયાત અને પૂરી નિસબત પણ સામેલ છે. આ કવિતાના અનેક લેયર છે અને કમનસીબે એ કવિને મળવો જોઈએ એટલો યશભાગ ગુજરાતમાં નથી મળ્યો જેટલે બીજી પ્રજાએ આપ્યો છે. સ્વાભાવિક એનો રંજ હોવા સાથે માતૃભાષા તરફનો અનુરાગ એમને સતત પ્રવૃત્ત રાખ્યા છે.

આ સંગ્રહનું ધ્યાન સ્વાભાવિક જ એકદમ ધ્યાનાકર્ષક છે કેમકે એ ભગવાનની વાતો છે. ભારતીયો જ નહીં, દુનિયાભરમાં આ તત્ત્વ એવું છે જેનો વિરોધ કરનાર હોય કે શ્રદ્ધાવાન હોય, વાડે બેસીને ગમે તે બાજુ કૂદકો મારી જનાર હોય- માનવમાત્રને ભગવાન સાથે કશુંક કનેક્શન છે. બીજા જીવો એના વિશે શું વિચારતા હશે એ આજસુધી આપણને ખબર પડી નથી પણ આપણે પ્રાણીઓનેય એમની સત્તાઆણમાં સામેલ કરી જ રાખ્યાં છે. આ કવિતાઓમાં સર્વત્ર ભગવાનની વાતો છે, સાથે સાથે કહીશ કે ભગવાનની ઓછી, દુનિયાભરના માણસોએ કરેલ ભગવાનના સર્જનની અને એમાં સર્જાયેલા ગોટાળાની વાત છે. ભગાવાનોએ ખુદે ઘણું ઘણું કહ્યું છે, પોતે બહુ વ્યસ્ત હોય ત્યારે ત્યારે સંદેશાવાહકોને મોકલી મોકલીનેય બહુ કહ્યું છે. પહેલાં બોલીને, પછી લખીને શું કરવું, શું ન કરવું, પોતે શું શું કરી શકે એમ છે અને એટલે ચોક્કસ બાઉન્ડ્રીમાં રહીને કઈ રીતે જીવવું-ની વાત આપણને કહેવામાં આવી છે. એ પછી એ સિવાયનું ઘણું થાય છે અને એમાંથી જ દુનિયાભરમાં માત્ર ગૂંચવાડો જ નહીં, સંઘર્ષો અને યુદ્ધો અટકતાં જ નથી, અન્ય પ્રાણીઓ જેમ મૂળભૂત ઇન્દ્રિયવશ થઈને જે કરવાનું છે એટલાથી આગળ કેટલું બધું સર્જી નાંખ્યું છે- એની વાત અભિધા-લક્ષણા અને સૌથી વધારે વ્યંજનાનો ઉપયોગ કરીને પદ્યગંધી ગદ્યમાં રચાયેલી આ કવિતાઓ એની મોહિનીમાં એવા તો જકડી લે કે એમાંથી છૂટવું અસહ્ય થઈ જાય. કોઈ એક ધર્મ કે ભગવાન નથી, જગતભરના ભગવાનોનું સર્વસામાન્યરૂપ અહીં પ્રગટાવ્યું છે. સ્થાન અભાવે થોડાં ઉદાહરણોથી આ વાત આપ સુધી પહોંચાડવા પ્રયત્ન કરું છું. બાકી એટલા બધા લેયરમાં આ કવિતા સર્જાઈ છે કે એને પ્રત્યક્ષ વાંચ્યા સિવાય છૂટકો નથી.

પ્રસ્તાવના જુઓ, સાવ આટલી જ છે- અનેક છતાંય અલ્પ પરિમાણો સાથેનો ત્રુટક-કૃતક સંવાદ જોડવા માટે આવશ્યક કોઈ માનવીય એકમ તે ભગવાન. (પ્રસ્તાવના) ભગવાન તત્ત્વની આ વ્યાખ્યા પોતે જ આ કાવ્યસંગ્રહનો મિજાજ અને દિશા તથા મૂડ સૂચવી આપે છે. એ કવિતા ભગવાન વિશે નથી, માનવજાતે રચેલા કમઠાણની ખોખલાઈની છે, એવા એવા બોગદા રહી ગયા છે જે પૂરવા શક્ય નથી, જો એને સમજી લઈએ તો સાવ વિચારસરણી જ બદલાઈ જાય. કવિને ધન્યવાદ આપવા સાથે કેટલીક પંક્તિઓ રજૂ કરું છું.

'ભગતિની લિમિટ'કાવ્યમાં- વાતવાતમાં ભગવાનને વળુંભવા જાવા ત્યારે ભૂલતા નઈી ભગવાનને આપણા સિવાય બીજાંય કામ છેા આપણે જ તો કહીએ છીએ કે ભગવાનની રજા વિના એકે પાંદડું હલે નઈી આ તો આવડી મોટી દુનિયામાં આટલાં બધાં ઝાડનાં એકે એક પાનને હલાવવા કે ઝાલી રાખવા ભગવાનને ટેમ કેટલો લાગતો હશે..? । જોડાજોડ પાવરધું પાવરફૂલ બોડી! / આપણે પોતાના નાના નાના મતલબ મનસૂબા મેળવવા ભગવાનને વારે ઘડીએ પગે પંપાળીએ/ પણ આમ મછરાંની જેમ એમને ચોંટ ચોટ કરી! / કેવા કનડીએ છીએ?/ વળી, વળગ્યું એને ઉડાડવા ભગવાન પોતાને જ ગાલે ધોલ મારે। ભગવાનને તો કંઈ વાગવાનું નથી પણ આપણે તો પિચક રોળાવાને ! "

આ સંગ્રહનાં કાવ્યોનાં શીર્ષક જોઈએ તો પણ સમજાશે કે ભગવાનને કેવી કેવી રીતે જોયા છે- 'ભગતિની લિમિટ', 'આપણા ભગવાન', 'સહેલું નથી', 'ભગવાનનો સનેપાત', 'ભગવાન ભરોસે', 'ભગવાનની સજાઓ', 'વાતોડિયા ભગવાન', 'બાળલીલા', 'ભગવાનની ટેવ', 'સમયની સોય', 'મેલ પડતું', 'ભૂલકણા ભગવાન', 'ભગવાનની રમતો', 'ગ્લેડિએટર', 'પ્રયોગો અને સિદ્ધાંતો', 'સત્ય અને ભ્રાંતિ'- 'મોટા ભાગની કવિતાઓમાં જે નર્મ-મર્મ અને કટાક્ષથી એ વધીને વ્યંજના પ્રગટે છે એ આ કાવ્યની સમૃદ્ધિ છે. બધા જ સંપ્રદાયો, ગ્રંથો, કર્મકાણ્ડો, વિચારધારાઓ અને વાસ્તવિક જીવન સાથેનું એનું રીયલ અર્થમાં અથડાવું- કેવું હોય છે એનાં કલ્પનો, પ્રતીકો આ કવિતાને અત્યંત મૂલ્યવાન અને સમૃદ્ધ બનાવે છે.

ભગવાનની સજાઓ-માં કહે છે- ભગવાના હથેળીથીય નાનીા એબીસીડીમાં ગોઠવેલી ટેલિફોનની નોંધપોથી જેવીા ચોપડી ખિસ્સામાં રાખે છેા વારેઘડીએ અંગૂઠે થૂંક લગાડી એનાં પાનાં પરા પહેલી આંગળી ફેરવી ક્યાંક અટકી। બીજા હાથનાં કાંડે બાંધેલી ઘડિયાળ ચાલે છે કે નહીં। એ જોવા। એને કાન પાસે લઈ જઈ ક્યારેક ખંખેરી ઠપકારી એની ટિકટિક સાંભળવા જાય છે...(પૃ. 21)

ભગવાનનાં રૂપો અને માનવે સર્જેલાં રૂપો, એમાંથી જન્મેલ કીડીથી માંડી નહારિકાઓ સુધીનો વિસ્તરતો વ્યાપ આ કાવ્યોમાં ઝીલાયો છે. અનોખાં કાવ્યો, મજાનાં કાવ્યો- સાવ જૂદી દિશામાં વિચારતા કરે એવાં કાવ્યો. ક્યાંક ક્યાંક રાજકીય કટાક્ષ પણ આવે, સામાજિક ઘટનાઓ પરના કટાક્ષ પણ અહીં કાવ્યરૂપ ધરીને આવ્યાં છે. આ કાવ્યો મનુષ્ય શું શું કરે છે જે ન કરવા યોગ્ય છે- એનું ગણિત ચીંધી આપે છે અને પ્રજ્ઞાવાન કવિ દષ્ટા અને દિશા આપનાર પણ હોય છે. સ્વાગત છે આ કાવ્યોનું.

(ભગવાનની વાતો (ગદ્યકાવ્યો) દિલીપ ઝવેરી, પ્ર.આ. 2021, પ્રકા. બીજલ પ્રકાશન, 103, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવટી માતાના મંદિર પાસે, ઓઠવપુરા રોડ, ઇલોરા પાર્ક, વડોદરા-390023, પૃ. 64, કિં. વાચકની ઇચ્છા, કાચું પૂંઠું, ડેમી)

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને બિનહરીફનો ટ્રેન્ડ, લોકશાહી માટે કેટલો યોગ્ય?

આ વખતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જે દ્રશ્યો જોવા મળ્યા તે ભાગ્યે જ અગાઉની કોઈ ચૂંટણીમાં જોવા મળ્યા હશે. ખાસ કરીને 'ફોર્મ ખેંચવાની હોડ' આકર્ષણનું કેન્દ્ર બની છે. ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખે ગુજરાતભરમાંથી મીડિયામાં સમાચારો વહેતા થયા કે કોંગ્રેસ, આપ કે અપક્ષના ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા અને ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા. ત્યારબાદ એવા આક્ષેપો પણ થયા કે ધાકધમકી આપીને અથવા નાણાકીય સોદાબાજી કરીને ફોર્મ ખેંચાવવામાં આવ્યા છે. આ બાબતે કેટલાક કથિત ઓડિયો કે વિડીયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા. ભાજપે મોટી સંખ્યામાં બેઠકો બિનહરીફ કબજે કરી હોવાનો દાવો કર્યો અને ચૂંટણી પહેલા જ વિજય વરઘોડા કાઢીને વિજયોત્સવ મનાવ્યો. જીતનાર પક્ષને કદાચ એવું લાગે કે ચૂંટણી પાછળ થતો સરકારી ખર્ચ બચી ગયો, પરંતુ વાસ્તવમાં આ એક રીતે લોકશાહીની હત્યા સમાન છે. આ મામલે ગુજરાતના ઘણા બુદ્ધિજીવીઓ અને વરિષ્ઠ પત્રકારોએ પોતાની નારાજગી વ્યક્ત કરી છે..

પંચમહાલ - વિજયસિંહ સોલંકી,

વિશ્વમાં તણાવ, ભારત માટે ચેતવણીઃ શું હવે મજબૂત નીતિ આવશે?"

વિશ્વ આજે ફરી એકવાર અતિ જોખમી વળાંક પર ઊભું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતી અથડામણ માત્ર બે દેશોની લડાઈ નથી, પરંતુ સમગ્ર માનવજાત માટે ચેતવણી છે. Donald Trump દ્વારા આપવામાં આવેલી "સભ્યતા નષ્ટ કરવાની" ધમકીઓ એ બતાવે છે કે વિશ્વના સૌથી શક્તિશાળી પદ પર બેઠેલા લોકો કેટલા બેદરકાર બની શકે છે.

આ યુદ્ધમાં હજારો લોકોના જીવ ગયા, લાખો લોકો બેઘર બન્યા– પરંતુ સવાલ એ છે કે આ વિનાશ માટે જવાબદાર કોણ? શું આ માત્ર રાજકીય અહંકારનો ખેલ છે? જ્યારે પરમાણુ સ્થાપનો પર હુમલા થાય છે અને Chernobyl disaster જેવી દુર્ઘટનાની શક્યતા ઉભી થાય છે, ત્યારે આખી માનવજાત જોખમમાં મુકાઈ જાય છે.

ભારત માટે આ પરિસ્થિતિ વધુ ચિંતાજનક છે. આપણા વેપારી જહાજો પર હુમલા, તેલ પુરવઠામાં અવરોધ અને વૈશ્વિક રાજકારણમાં ભારતની નિષ્ક્રિયતા–આ બધું સૂચવે છે કે આપણે હજુ પણ વૈશ્વિક દબાણ સામે મજબૂત નીતિ બનાવી શક્યા નથી. શું આપણે હંમેશા મોટા દેશોની પરવાનગી પર જ નિર્ભર રહીશું? આ દ્વારા અમે સ્પષ્ટપણે કહેવા માંગીએ છીએ,કે યુદ્ધ કોઈ સમસ્યાનો ઉકેલ નથી–તે માત્ર વિનાશ લાવે છે. પરમાણુ ધમકીઓ માનવતા વિરુદ્ધ અપરાધ સમાન છે. વિશ્વ નેતાઓએ અહંકાર છોડીને સંવાદ અને શાંતિને પ્રાથમિકતા આપવી જોઈએ.

ભારત સહિત તમામ દેશોએ પોતાના રાષ્ટ્રીય હિતોને મજબૂત રીતે સુરક્ષિત કરવા માટે સ્વતંત્ર અને દઢ નીતિ અપનાવવી જોઈએ.

જો આજેય વિશ્વે આ સંકેતોને અવગણ્યા, તો આવનારી પેઢીઓ માટે આપણે માત્ર વિનાશની વારસો છોડી જઈશું. હવે સમય છે–બોલવાનો, પ્રશ્ન કરવાનો અને શાંતિ માટે દબાણ બનાવવાનો.

સુરત - આશિષ ટેલર

સ્માર્ટ ફોન

આજના ડિજિટલ યુગમાં જ્યાં નાના બાળકો હાથમાં પણ સ્માર્ટફોન જોવા મળે છે, ત્યાં બચ્ચન પરિવારનો એક નિર્ણય ચર્ચાનો વિષય બન્યો છે. એક ઈન્ટરવ્યુમાં અભિષેક બચ્ચને જણાવ્યું કે, ''આરાધ્ય 14 વર્ષની છે. પણ તેની પાસે પોતાનો ફોન નથી.

જો તેના મિત્રોએ તેનો સંપર્ક કરવો હોય તો તેઓ ઐશ્વર્યાના ફોન પર કોલ કરે છે'' આ પેરેન્ટિંગ સ્ટાઈલને ન્યુરોલોજિસ્ટ ડો. રોહિત ગુપ્તાએ 'બ્રેઈન પ્રોટેકશન' ગણાવ્યું છે. ડોક્ટરના જણાવ્યા અનુસાર '' 8થી 10 વર્ષની ઉંમરે બાળકોને સ્માર્ટફોન આપવાથી તેમની એકાગ્રતા ઘટે છે, ઉંઘમાં ખલેલ પડે છે અને ચિંતામાં વધારો થાય છે જ્યારે આટલી મોટી સેલિબ્રિટી ફેમિલી પોતાના બાળકને ફોનથી દૂર રાખી શકે છે, તો સામાન્ય માતા-પિતાએપણ ઉતાવળ ન કરવી જોઈએ. સ્માર્ટફોન માટે 'ના' કહેવી એ કોઈ કડકાઈ નથી. પરંતુ બાળકના ભવિષ્ય અને તેના મગજની સુરક્ષા માટે લેવાયેલું અનિવાર્ય પગલું છે.''

સેલિબ્રિટીઓનું આંધળું અનુકરણ કરતા લૌક કે નાની ઉંમરના બાળકોના હાથમાં સ્માર્ટફોન પકડાવી દેતા મા-બાપો બચ્ચન પરિવારના અભિગમમાંથી કોઈ બોધપાઠ લેશે?

સુરત- કલ્પના વિનોદ બામણીયા

એવા રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે ખરું ?

જેમાં ધર્મના નામે કોઈ ઝઘડો ના હોય. જેનો દરેક નેતા માત્ર દેશ માટે જીવતો હોય. જેનો દરેક શિક્ષક વિદ્યાર્થીને પોતાનું સંતાન માની શિક્ષણ આપતો હોય. જેનો દરેક ડૉકટર પોતાના વ્યવસાયને સેવા સમજતો હોય. જેનો દરેક ગુનેગાર પોતાનો ગુનો કબૂલતો હોય. જેનો દરેક વકીલ ગાંધીજી જેવી વકીલાત કરતો હોય. જેનો દરેક નાગરિક કરચોરીમાં માનતો ન હોય. જયાંના દરેક સંતાન આજ્ઞાંકિત હોય. જેના દરેક નાગરિકમાં દેશદાઝ હોય. જેનો દરેક અમીર ગરીબને મદદ કરતો હોય. જેનો દરેક પત્રકાર સત્ય માટે લડતો હોય. જેનો દરેક કર્મચારી ભ્રષ્ટાચાર વિરોધી હોય. જ્યાં ધાર્મિક સ્થળોમાં દાન ન સ્વીકારાતા હોય. જ્યાં કોઈ પણ નાગરિક વ્યસન ના કરતો હોય. જ્યાં દરેક પુરુષ સ્ત્રીને દેવી સમજતો હોય. જયાંનો દરેક નાગરિક સાહિત્યપ્રેમી હોય. જ્યાં નાના મોટાનો આદર સત્કાર થતો હોય. જ્યાં મિલકતનો સન્માનપૂર્વક ભાગ વહેંચાતો હોય. જ્યાં છૂટાછેડા લેવાનો મનમાં વિચાર જ ના આવતો હોય. જ્યાં રમત કમાવાનું માધ્યમ ના હોય. એવા રાષ્ટ્રનું નિર્માણ થાય તો ધરતી પર સ્વર્ગ ઊતરી આવે.

સુરત - પ્રવીણ પરમાર

લોકમાતા

નદીને આપણા દેશની સંસ્કૃતિએ લોકમાતાની ઉપમા આપીને ઋણ અદા કર્યું છે. એસ.ટી. બસ પર ગુજરાતની નદી તથા ડુંગરોના નામ આપીને સન્માનીત કરી છે. જેવી કે બસ પર આગળના ભાગે સૂર્યનગરી, નર્મદા, સાબર, ભાદર ગીર સોમનાથ, ગીરનાર, બનાસ, મહીસાગર વગેરે નામ જોવા મળે છે. નર્મદા જેવી નદીના પરીક્રમા તથા ગંગા, નર્મદા નદીના પવિત્ર સ્નાનનું વગેરેનું ધાર્મિક મહત્વ છે. નદી, પર્વતો, વૃક્ષો, ઝરણા વગેરે ધરતી માતાના સૌંદર્યમાં શણગાર સજવાનું સ્થાન ધરાવે છે. મારી કોબાથી શિરડી, અંબાજી, ચોટીલા, રાજપરા વગેરે ધાર્મિક સ્થળોની પદયાત્રા કરુ છું. પદયાત્રા દરમ્યાન દીના દર્શન થાય છે. પરંતુ દુઃખની વાત છે કે દરેક નદીમાં પ્રદૂષણો માઝા મૂકી છે.

પ્લાસ્ટીકના ઢગલા દરેક નદીના પ્રવાહમાં જોવા મળે છે. કેમીકલ યુકત પાણીમાં ફીણના ગોટેગોટા ઉડતા જોવા મળે છે. પીવા લાયક પાણી કોઇ નદીમાં જોવા મળતુ નથી. નદીને વિશેષ નામ આપી એના પુલ પર તકતી મૂકી ઋણ ચૂકવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જે નદી અંબિકા નદીનો પુલ જયાં 1957,58 માં સુપર હીટ ફિલ્મ મધર ઈન્ડિયાનું કેટલાંક ભાગનું નિર્માણ થયુ હતું. બીજુ કદરાયા તા. ઓલપાડ જિ. સુરતમાં મધર ઈન્ડિયા ફિલ્મનું કેટલાક ભાગનું નિર્માણ થયેલું ફિલ્મ મધરઈન્ડિયા ઉમરાગામ તા. મહુવા જિ.સુરતમાં શૂટીંગ થયેલું જેની મધુર યાદમાં અંબિકા નદીના પુલને ભારતમાતા નામ આપી ઋણ ચૂકવવાનો પ્રયાસ થયો છે. તથા ડેમને પણ મધર ઈન્ડિયા નામ આપવામાં આવ્યું છે. જે ગૌરવની વાત છે.

સુરત - મગનલાલ એલ. પટેલ

મહાભારતમાં દુર્યોધનનો અમાનુષી અભિનય

બીઆરસી, તાતા ગૃપ, મફતલાલ ગૃપ, અંબાણી પરિવાર, રેમન્ડ, માણસ વણથંભ્યો સંપત્તિ અને સમૃધ્ધિ પાછળ આંધળી દોટ મુકે છે. લોભને થોભ નહિ. એક રાજાએ એક નાગરિકને કહ્યું દિવસ દરમિયાન જેટલું દોડાય એટલું દોડ, મતલબ કે સૂર્યાસ્ત પહેલા ગંતવ્ય સાથે પ્રસ્થાન કરવું. મધ્યાન્હ થયો, હજી વાર છે થોડું અંતર કાપી લઉં. અહીં કુદરતની વક્રતા જુઓ, માણસ પોતાની ક્ષમતાને વળોટવા વ્યર્થ પ્રયત્ન કરે છે અને ફકત દોગજ જમીન મળી.

સુરત - અનિલ શાહ